ગાંધીનગર સમાચાર

તમે કોના ફોલોવર?

આજના વખતમાં આ નવાઈ જેવુ થોડું છે? ક્યારેક આ ટેવ ફાયદો કરાવી જાય તો ક્યારેક નુકશાન પણ, ભોગ તમારા!

આજકાલ જ્યાં જુઓ ત્યાં લોકોને બીજાને ફોલો કરવાની ચળ ઉપડી છે. કોઈ જાણીતા લેખક, કવિ, એક્ટર, ગાયક,

નેતા, ન્યૂઝ રીડર કે પોતાના સરસ ફોટા મૂકાતા હોય એવા લોકોને ફોલો કરવા લોક તત્પર હોય છે. ઘરમાં બૈરી મેકઅપનો આખો ડબ્બો ખાલી કરી નાખે તોય એનાં ભરથારનું ધ્યાન ના જાય પણ ફેસબુક કે ઈન્સ્ટાવાળી એમની સખી, કાનની એક નાની વાળીય બદલે તો સાહેબ તરત નોટિશ કરે. એના વખાણમાં કોમેન્ટમાં એક કવિતાય ઢસડી મારે! ભલેને કવિતાનો 'ક' પણ ના આવડતો હોય, જરૂર પડે તો બીજા કોઈની પ્રોફાઈલ જોઈ લઈને, કેટલાક શબ્દો આડા અવળા કરી નવી જ કવિતા ચપટી વગાડતા રચી નાખે. કવિઓને ફોલો કરવાનો કેંક તો ફાયદો ઉઠાવે ને!

આ બાબતે બહેનો ભાઈઓ કરતાય બે ડગલાં આગળ નીકળી જાય એમ છે. બહેનોની વાત આવે એટલે રસોઈ અને શણગારની ચર્ચા થવાની જ. એક બહેનની કોઈ વાનગી ઉપર થોડી વધારે લાઈક્સ આવતી દેખાય કે તરત એને કોપી કરી કોઈ બીજી જગ્યાએ પોતાને નામે ચઢાવી દેવામાં હવે

લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

કોઈને શરમ નથી આવતી! રસોઈના ફોટા કોપી કરે ત્યાં સુધી ઠીક પણ કેટલીક બહેનો તો બીજી સુંદર છોકરીઓના ફોટા કૉપી કરીને એમના પ્રોફાઈલ પિક તરીકે રાખતી હોય છે. એમને સારી રીતે ખબર હોય છે કે, આ જે ફોલો કરનારની ભીડ ઓનલાઈન મધ્યમમાં ભેગી કરી છે એમને સાચુકલા મારે ક્યારેય મળવાનું નથી!

પોતાની હોંશિયારી, આવડત, સુંદરતા, સંસ્કાર કે જ્ઞાન દેખાડવાની હોડ લાગી છે ચારેબાજુ. તમારી પાસે જે છે એને બતાવો ત્યાં સુધી તો ઠીક મારાભઈ પણ જ્યાં લાગે કે બીજું કોઈ તમારાથી આગળ નીકળી રહ્યું છે એટ્લે પછી એક નવી રમત શરૂ થાય. જે તે ક્ષેત્રમાં હોશિયાર વ્યક્તિઓને ફોલો કરવાની અને એમના નાક નીચેથી એમની રચના બઠાવી, એને પોતાને નામે કોઈ બીજી જગ્યાએ મૂકી દેવાની. શા માટે આ બધું? બસ, થોડીક લાઈક્સ વધારે આવે એની ભૂખ! ચાલો લાઈક્સ આવી ગઈ, એ પછી?

અહિયાં જ અજાણતાં તમે બીજી વ્યક્તિના પડછાયામાં આવી જાઓ છો અને પોતાનો વિકાસ પોતાના હાથે જ રૂંધો છો! કોઈની કૉપી કરીને તમે કશું જ શીખી નથી શકવાના. સૌથી સારો રસ્તો એ છે કે બીજી વ્યક્તિનું તમને શું ગમે છે એને ઓળખો, એને સમજવાનો પ્રયાસ કરો અને પછી તમારી મેળે એ કૌશલ વિકસાવો. બહુ અઘરું થઈ ગયું, નહીં? ચાલો સિમ્પલ કરીએ, તમને કોઈની કવિતા બહુ ગમે છે. તો શું કરશો? એને ફોલો કરો. એની ઢગલો રચનાઓ વાંચો, સમજો એ પછી તમારી મેળે લખો. જીવનના કેટલાં દર્દ, કેટલી ઘૂટન આજતક મનમાં દબાવી રાખી છે બસ, લઈ આવો એને તમારાં શબ્દોમાં, જે પણ લખાશે બીજાના દિલને અસર કરશે! કોઈની વાનગીઓની પોસ્ટ પર આવતી કોમેંટ્સ જોઈને તમને એવું કશુક કરવાનું મન થાય છે તો સારી વાત છે. એમાં કઈ ખોટું નથી. જરાક શાંતિથી વિચાર કરો, કેટલા વરસો કાઢ્યા રસોડામાં? આટલા બધા વરસોમાં બે પાંચ તો એવી વાનગી તમારા નામે બોલતી જ હશે જે તમારાથી સારી બીજું કોઈ ના બનાવી શકે! એની રીત બધા સાથે વહેંચો. કેટલીક ટિપ્સ જે તમારાં ઘરમાં વરસોથી એક સ્ત્રી બીજી સ્ત્રીને શીખવતી આવી છે એને ઓનલાઈન વહેતી કરો. આમાં તમારાં બધા સિક્રેટ ખુલ્લા થઈ જશે પણ લાઈક્સ જોઈએ છે તો આટલો ભોગ તો આપવો પડશે ને? આમેય ક્યાં કશુય સાથે લઈને જવાનું છે, તમારી આવડત લોકો સાથે વહેંચી તમે અમર થઈ જવાના...

અમસ્તું,

ભરત : નિમલા તારી પોસ્ટ આટલી સારી હોય તોય વધારે લાઈક કેમ નથી આવતી?

નિમેષ: મારી પોસ્ટ પર લાઈક્સ આવે જ છે, બસ એ કોઈ સુંદર છોકરી કૉપી કરીને એની દીવાલે મૂકે એટલી વાર રાહ જોવાની!

@niyatikapadia

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ

આદ્યશકિત પીઠ અંબાજીમાં જગત જનનીના દર્શન-પૂજન કર્યા

કોરોનાના સંકટમાંથી સમગ્ર માનવજાતને સલામત પાર ઉતારવાની મનોકામનાની માતાજી પાસે વાંચ્છના કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૪

લોકડાઉનની સ્થિતી બાદ પ્રથમવાર અમદાવાદ-ગાંધીનગર બહારના પ્રવાસની શરૂઆત આદ્યશકિત ધામ અંબાજીમાં દર્શન-પૂજનથી કરતા વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બુધવારે વહેલી સવારે આદ્યશકિતમાં અંબાજીના પૂજન અર્ચન કરીને તેમના દિવસનો પ્રારંભ કર્યો હતો.

મુખ્યમંત્રીએ કોરોના સંક્રમણ દરમ્યાન ૩ મહિના લોકડાઉનની સ્થિતિ બાદ ગઈકાલે ભગવાન જગન્નાથના દર્શન અને રથયાત્રામાં પહિન્દ વિધિ કર્યા બાદ મોડી સાંજે અંબાજી પહોંચીને બુધવારે સવારે જગદમ્બા માતાજીની મંગલા આરતી કરી પૂજન કર્યું હતું. શ્રીમતી અંજલિબહેન રૂપાણી પણ મુખ્યમંત્રીશ્રી સાથે દર્શન-પૂજનમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીએ લોકડાઉનની સ્થિતિ બાદ પ્રથમ વાર અમદાવાદ-ગાંધીનગર બહારના તેમના પ્રવાસની શરૂઆતમાં આદ્યશકિત જગત જનનીના દર્શન-અર્ચનથી કરી છે.

તેમણે આદ્યશકિતમાં અંબાજી સમગ્ર માનવજાતને કોરોનાના આ સંકટમાંથી સલામત પાર ઉતારે તેવી મનોકામનાઓની વાંચ્છના કરી હતી. મુખ્યમંત્રી આદ્યશકિતના દર્શન પૂજન બાદ હવે જરૂરિયાત મુજબ પોતાના અન્ય પ્રવાસ પણ શરૂ કરશે.

મુખ્યમંત્રીની મા આદ્યશકિત ધામની આ મૂલાકાત વેળાએ આરાસૂરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ અને જિલ્લા કલેકટર શ્રી સંદિપ સાંગલે, જિલ્લા પોલીસ અધિક્ષક સહિતના જિલ્લા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ફળાઉ વૃક્ષોનું વાવેરણ કરાયું

ચિલોડા, તા. ૨૪

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સંકુલના રસ્તાઓની બંનેબાજુ સીતાફળ અને જામફળના ૩૦૦ છોડનું રોપાણ કરવામાં આવ્યું હતું. જેમાં સીઆરપીએફના સેવકોના સહકારથી કામ પુરું થયું. છોડ લાવવાની કામગીરી રાષ્ટ્રીય સેવા યોજના એકમના કાર્યક્રમ અધિકારી ડૉ. મોતીભાઈ દેવુએ કરી હતી.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ઓનલાઈન યોગ દિવસની ઉજવણી

ગાંધીનગર,તા. ૨૪

કોરોના કાળમાં નગરજનો કામ વગર ઘરની બહાર જવાનું ટાળી રહ્યા છે અને સરકાર દ્વારા પણ અણુક મેળાવડા માટે મર્યાદિત સંખ્યાનો નિયમ લાગુ કરાયો છે. ત્યારે ૨૧મી જૂન વિશ્વ યોગ દિન નિમિત્તે સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખની બહેનોએ ઓનલાઈન ગ્રુપમાં પોતાના ઘરમાં, આંગણામાં કે ધાબા ઉપર યોગ કરી યોગ દિવસની ઊજવણી કરવામાં આવી હતી. આ દિવસે એકત્રીત થયા વગર ઉજવવાના આયોજન સાથે કોરોના વાઈરસને હરાવવા યોગા ફ્રેમ હોમનો કન્સેપ્ટ અપનાવવામાં આવ્યો હતો. યોગ સાથે જોડાયેલા મહિલા પારંખની બહેનોએ ખાસ યોગા કરી 'યોગ કરીશું, કોરોના ભગાવીશું'નો સંકલ્પ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન બ્રહ્મસમાજ મહિલા પાંખના કાર્યકારી પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ અને મહામંત્રી વિમલાબેન અયાચી દ્વારા કરવામાં આવ્યું હતું.

એસ.વી. સ્કૂલ દ્વારા 'મોમ્સ' ને અનોખો ઓનલાઈન પ્રોજેકટ

ગાંધીનગર, તા. ૨૪

નગરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલ દ્વારા શાળાના બાળકોને અને તેમની મમ્મીઓને રથયાત્રા નિમિતે 'અંકુરિત મગ' નો એક અનોખો પ્રોજેકટ આપવામાં આવ્યો હતો. જેમાં, બાળકોએ રથયાત્રાના બે દિવસ પહેલાં મગને પાંચ થી છ કલાક માટે પાણીમાં પલાળ્યા હતા.

ત્યારબાદ, મગને એક ચારણીમાં કાઢી, તેને ઢાંકી, અંકુરિત થવા માટે મૂક્યા હતા. બાળકોએ આ તમામ પ્રક્રિયા પોતાની મમ્મી સાથે મળીને કરી હતી અને મગને અંકુરિત થતાં નિહાળ્યા હતા, જે જોઈને તેઓ રોમાંચિત થઈ ગયા હતા. આ મગ તેઓએ રથયાત્રાને દિવસે પ્રસાદ તરીકે ખાધા હતા. શાળાના પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે બાળકોને આ મગ ખાવાથી થતાં ફાયદાઓ અને તેનું ધાર્મિક મહત્વ ઓનલાઈન સમજાવ્યા હતા અને તમામ મમ્મીઓનો આભાર માન્યો હતો. આમ, શાળાએ લેટેસ્ટ ટેક્નોલોજી અને પરાપૂર્વથી ચાલી આવતી આપણી પરંપરાઓનો સુભગ સમન્વય કરી, જે નવતર પ્રયોગ કર્યો તેને વાલીઓએ પણ બિરદાવ્યો હતો.

ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનું પી.ડી.પી.યુ. ની પરીક્ષામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૪

'સારી અને પ્રતિષ્ઠિત કોલેજ માં એડમિશન મેળવવા માટે અંગ્રેજી માધ્યમમાં જ અભ્યાસ કરવો જરૂરી છે', આ માન્યતાને ગાંધીનગરના બે વિદ્યાર્થીઓએ સર્દતર રીતે ખોટી સાબિત કરી છે. જૈનીશ ચૌધરી અને રુચિત શાહ એ તાજેતરમાં જ, ગુજરાતની પ્રતિષ્ઠિત કોલેજ એવી, પી.ડી.પી.યુ (પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી) ની પ્રવેશ પરીક્ષા પાસ કરી તેમાં એડમિશન મેળવ્યું છે. ઉલ્લેખનીય છે કે પી.ડી. પી.યુ.નું નામ ફક્ત ગાંધીનગર નહીં પણ ભારતભરમાં સન્માન સાથે લેવામાં આવે છે. જ્યાં વિદ્યાર્થીઓ દૂર-દૂર થી બી.કોમ, બી.એ અને બી.બી.એ જેવા કોર્સ કરવા માટે આવે છે. આવી ઉત્તમ કોલેજમાં એડમિશન પ્રાપ્ત કરી આ બંને વિદ્યાર્થીઓએ ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

'ગુજરાતી માધ્યમથી હોવાના કારણે થોડી તકલીફ જરૂર પડી હતી શરૂઆત માં પણ જેમ જેમ તૈયારી કરતો ગયો તેમ મારો કોન્ફિડેંસ વધતો ગયો' તેવું જૈનીશ જણાવે છે. જૈનીશને અંગ્રેજીમાં ખૂબ તકલીફ પડતી પણ તેને તેના પાછળ ખૂબ મેહનત કરી અને સફળતા પ્રાપ્ત કરી. જૈનીશના કહ્યા પ્રમાણે કોઈ પણ વિદ્યાર્થી જો દરરોજના માત્ર બે થી ત્રણ કલાક આવી પ્રવેશ પરીક્ષાની તૈયારી

પાછળ આપી દે તો તે આરામથી સફળ થઈ શકે છે. જૈનીશએ અલગ-અલગ પ્રવેશ પરીક્ષા માટે ની તૈયારી ધોરણ ૧૨ ની સાથે-સાથે કરી હતી. ઉલ્લેખનીય છે કે આ બંને વિદ્યાર્થીઓએ તેમની આ પ્રવેશ પરીક્ષાની તૈયારી ગાંધીનગરમાં સેકટર-૧૧ સ્થિત યુનિકોર્ન એજ્યુવેન્ચર્સ સંસ્થામાંથી પ્રાપ્ત કરેલ છે. અને બંને વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર યુનિકોર્ન એજ્યુવેન્ચર્સ સંસ્થાના શિક્ષકગણના ઉચિત માર્ગદર્શનથી જ આ સફળતા પ્રાપ્ત થયેલ છે.

યુનિકોર્ન એજ્યુવેન્ચર્સના શિક્ષકગણના જણાવ્યા અનુસાર તૈયારી કરતાં વિદ્યાર્થીઓએ એ સફળતા પ્રાપ્ત કરી છે. વધુમાં જણાવતા યુનિકોર્નના ગાંધીનગર શાખાના વડા શ્રી હિતેન્દ્રસિંહ જણાવે છે કે "આ બંને વિદ્યાર્થીઓએ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કર્યો હોવા છતાં આ પરીક્ષા ઉત્તીર્ણ કરી એ ગુજરાતી મધ્યમના અનેક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહન પૂરું પાડ્યુ છે. આ પરીક્ષામાં ઈન્ટરવ્યૂ પણ લેવાતો હોય છે અને નિબંધ લેખન પણ હોય છે, અને બંને વિદ્યાર્થીઓએ તે પણ પાસ કર્યા છે". આપે કોઈ પણ માધ્યમમાં થી અભ્યાસ કરેલ હશે પણ જો આપની પાસે લક્ષ્ય અને એ પૂરું કરવા સખત મેહનત કરવાની તૈયારી હશે તો આપ કોઈ પણ પરીક્ષા પ્રાપ્ત કરી શકો છો અને પોતાના પ્રદેશ તથા દેશનું નામ રોશન કરી શકો છો તેવું આ વિદ્યાર્થીઓની સફળતા પર થી સમજી શકાય છે.

કલોલ વિધાનસભા યુવા કોંગ્રેસ દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવ સાથે આક્રોશ અને ધરણાં

છેલ્લા ૧૫ દિવસથી પેટ્રોલ અને ડીઝલમાં ધીમી ગતિએ સતત ભાવમાં વધારો થતાં સામાન્ય આમ જનતામાં વિઘાતક અસરોના પ્રત્યાઘાતો વર્તાઈ રહ્યા છે. ત્યારે કલોલના વિધાનસભા યુવા કોંગ્રેસ દ્વારા પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારા સામે પોસ્ટરો સાથે સૂત્રોચ્ચાર કરી ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ડાયરેક્ટ ❤ સે

"સમય તમારો છે.
ચાહો તો સોનું
બનાવી દો
ચાહો તો સુવામાં
વીતાવી દો..."

જન્મદિને વધામણી

કાલુભાઈ એમ દેસાઈ
એડવોકેટ
મો. ૯૮૭૯૪ ૭૧૦૩૭

ઉમાંગી વિનોદ રાઠોડ
મો. ૯૪૨૬૨ ૭૯૪૧૯

કિશનભાઈ રાવત
મો. ૯૮૨૪૬ ૫૫૫૧૧

લલીતાબેન
ચીમનભાઈ સોલંકી
મો. ૯૮૨૪ ૫૦૧૭૫૬

દર્શન પટેલ
મો. ૯૮૨૪ ૫૦૧૭૫૬

મુનાઈ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં વિશ્વ સિકલસેલ દિવસની ઉજવણી

ભિલોડા,તા.૨૨

મુનાઈ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં વિશ્વ સિકલસેલ દિનની ઉજવણી ડૉ.અરવિંદકુમાર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઈ હતી.સગર્ભા મહિલાઓ ઉપસ્થિત રહી હતી.સિકલસેલ વિશે માર્ગદર્શન મેળવ્યું હતું.વિશ્વ સિકલસેલ દિવસ નિમિત્તે સગર્ભા મહિલાઓનું પરીક્ષણ કર્યું હતું.લેબ ટેકનેશીયન ઝંકાર શાહ,સિકલસેલ કાઉન્સેલર મીનાબેન,આરોગ્ય ટીમની ઉપસ્થિતીમાં મહિલાઓના સિકલસેલનો ટેસ્ટ કર્યો હતો.

સચેત રહો
સુરક્ષિત રહો